# કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬ ૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**સ્ટાફ કવાર્ટસ મરામત અને નિભાવણીની કામગીરી બાબત.**

## :: પરિપત્ર ::

અત્રેના મુખ્ય કેમ્પસમાં આવેલ વિવિધ કેટેગરીનાં સ્ટાફ કવાર્ટસમાં રહેતા તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી કક્ષાની મકાન ફાળવણી સમિતીની તા.૧૬/૧૨/૨૦૨૩ના રોજ મળેલ બેઠકમાં સર્વાનુમતે ઠરાવ્યાનુંસાર કવાર્ટસની મરામત અને નિભાવણી કામગીરી માટે નીચે મુજબની કાર્યપ્રણાલી અમલમાં મુકવામાં આવે છે.

૧. સબંધિત સ્ટાફ કવાર્ટસમાં રહેતા વસાહતીઓએ મરામત અને નિભાવણી અંગેની રજુઆત/ફરીયાદ અત્રેની કચેરીમાં નિભાવવામાં આવતા મરામત અને નિભાવણી ફરીયાદ રજીસ્ટરમાં સ્પષ્ટ મુદાસર ફરજીયાત નોંધવાની રહેશે, ફરીયાદ નોંધણી થયા બાદ જ અત્રેની કચેરી દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨. **યુનિવર્સિટી તરફથી ફાળવવામાં આવેલ અનુદાનની જોગવાઇમાં નિયમોનુસાર મળવાપાત્ર હયાત સુવિધાઓમાં રીપેરીંગની કામગીરી અત્રેની કચેરી દ્વારા કરી આપવામાં આવશે,** હયાત સુવિધાઓમાં રીપેરીંગ દરમ્યાન વપરાશમાં લેવામાં આવનાર સંપૂર્ણ મટીરીયલ્સ અત્રેની કચેરી દ્વારા જ પુરુ પાડવામાં આવે છે.**(વસાહતીઓએ મટીરીયલ્સ ખરીદી માટે નાણાં ચુકવવા નહી)**

૩. અત્રેની કચેરીની મરામત શાખા દ્વારા ક્રમાનુંસાર ફરીયાદ નિવારણની કામગીરી હાથ ધરવામાં આવે છે તેમ છતાં ફરીયાદની અગત્યતાને ધ્યાને ફરીયાદ નિવારણ કરવામાં આવશે.

૪. સબંધિત કવાર્ટસમાં રહેતા વસાહતીઓની ફરીયાદ મુજબ અત્રેની મરામત શાખાના રોજમદાર પ્લંમ્બર, કડીયા, સુથાર, વાયરમેન દ્વારા થયેલ કામગીરી અંગે માંગવામાં આવતી રસીદ આપવા વિનંતી છે.

૫. રાત્રીના સમયગાળા દરમ્યાન વાયરમેનની સેવા માટે ગાંધી ગેસ્ટ હાઉસ ખાતે હાજર રહેલ રોજમદાર વાયરમેનનો સંપર્ક કરવો.

૬. સ્ટાફ કવાર્ટસમાં વોશીંગ મશીન ફીટીંગ, ગીઝર ફીટીંગ, આર.ઓ. ફીટીંગ, બારીઓમાં મચ્છર જાળી ફીટીંગ, વિગેરે વધારાની સુવિધાઓ મેળવવા માટે વપરાશમાં લેવામાં આવતું મટીરીયલ્સ પોતાની કક્ષાએથી ખરીદી કરવાનું રહેશે.

૭. અત્રેની કચેરી દ્વારા ફકત સ્ટાફ કવાર્ટસના દાદર, અવર-જવરના મુખ્ય રસ્તાઓની સાફ-સફાઇની સુવિધા પુરી પાડવામાં આવશે જયારે કવાર્ટસની આજુબાજુની સાફ-સફાઇ પોતાની કક્ષાએથી કરવાની રહેશે.

૮. અત્રેની કચેરી દ્વારા કેમ્પસમાં સ્વચ્છતા જળવાય રહે તે માટે નિયમીત પણે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની સુવિધા પુરી પાડવામાં આવે જેથી ઘરનો લીલો/સુકો કચરો ફરજીયાત તેમાં જ નાંખવાનો રહેશે.

૯. આપના દ્વારા નોંધાવેલ રજુઆત મુજબ કામગીરી ન થવા તેમજ વિલંબ થવા બાબતે આપ નીચે સહી કરનારનો સીધો સંપર્ક કરી શકશો.

૧૦. અત્રેની કચેરીની મરામત શાખા સંપૂર્ણ રોજમદાર આધારીત છે જેથી નિયમોનુસાર વાર્ષિક હાજરીની મર્યાદાને ધ્યાને લઇ સોમ થી શુક્ર મરામત શાખા કાર્યરત હોય છે.

જા.નં.નકૃયુ/કાઇ/બી-૩/M&R/ ૪૭૨૫-૨૮ /૨૦૨૩
તા.૨૮/૧૨/૨૦૨૩

18.12.23

**કાર્યપાલક ઇજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના :**

૧. સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ.
૨. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ.
૩.મુખ્ય કેમ્પસમાં રહેતા તમામ અધિકારી/કર્મચારીશ્રીઓ તરફ જાણ સારુ.